સપ્ટેમ્બર ૨૦૨૫

# અક્રમ એક્સપ્રેસ




અક્રમ એક્સપ્રેસ
મેગેઝીન હવે
ઓડીયોમાં
પણ ઉપલબ્ધ...
માત્ર ગુજરાતીમાં

## સંપાદકીય

બાળમિત્રો,

એક વાર ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના વિદ્યાર્થીઓ તેમના જન્મદિવસની ઉજવણી કરવા આવ્યા. ડૉ. રાધાકૃષ્ણને કહ્યું, કે એમનો જન્મદિવસ ઉજવવાને બદલે જો તેઓ આ દિવસ 'શિક્ષક દિવસ' તરીકે ઉજવે, તો એમના માટે ગર્વની વાત થશે. બસ, ત્યારથી આજ સુધી પાંચ સપ્ટેમ્બર 'ટીચર્સ ડે' તરીકે ઉજવાય છે અને તે દિવસે ટીચર્સને ખાસ સન્માનિત કરવામાં આવે છે.

પણ, આપણા માટે ફક્ત એક જ દિવસ 'ટીચર્સ ડે' હોતો નથી. જે ટીચર્સ આપણને ગણિત, વિજ્ઞાન, ઈતિહાસ કે ભાષા જ નહીં, પણ જીવન જીવતા પણ શીખવે છે, એમને ફક્ત એક જ દિવસ સન્માન થોડું અપાય ? આપણા દિલમાં તેમના માટે હંમેશાં આદર અને વિનય રહેવા જોઈએ.

ચાલો, આ અંકમાં જોઈએ, કે ટીચર્સનો વિનય કેવી રીતે રાખવો ? શું પર્શીવ, વિહાન અને થનક એમના ટીચરનો વિનય ચૂક્યા હતા ? બેબી જિરાફને એના ટીચર કેમ નહોતા ગમતા ? જીફ્ફીએ કયું મૂવિ જોયું ? અને એની શું સ્ટોરી હતી ? આલુ-ચીલી સીરિઝમાં આગળ શું થયું ?

- ડિમ્પલ મહેતા

# ટીચર્સ ડે


અક્રમ એક્સપ્રેસ

September, 2025
Year 18, Issue : 01
Conti. Issue No.: 205
Published Monthly

સંપર્ક સૂત્રઃ
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.



© 2025, Dada Bhagwan Foundation
All Rights Reserved



Price Per Copy: NIL

# નદી કિનારે ગેમ

મમ્મી જિરાફ આજે બહુ ગુસ્સે હતા. તેઓ એટલા બધા ગુસ્સે હતા, કે એમણે બેબી જિરાફને કાન પકડીને સો ઉઠક-બેઠક કરવાની પનીશમેન્ટ આપી.

બેબી જિરાફ રડતું જાય અને ઉઠક-બેઠક કરતું જાય. એણે મમ્મીની માફી માંગી. પણ તેઓ તો કંઈ સાંભળવા તૈયાર જ નહોતા.



સાંજે પપ્પા જિરાફ આવ્યા. એમને આ વાતની જાણ થઈ. એમણે મમ્મી જિરાફને આમ કરવાનું કારણ પૂછ્યું.

મમ્મી જિરાફ કહે, 'સ્કૂલમાંથી રોજ નાની નાની ફરિયાદ આવતી હતી. પણ આજે તો રિપોર્ટ કાર્ડમાં એવું લખીને આપ્યું, કે તમારા બેબીને ઊંચા ઝાડ પરથી પાંદડા ખાતા આવડતું નથી, લાંબા કૂદકા મારીને ચાલતા આવડતું નથી. આવી સામાન્ય વાત જો તેને ના આવડે તો તે સ્કૂલમાં કરે છે શું ?'




મમ્મી જિરાફની વાત સાંભળીને પપ્પા જિરાફ વિચારમાં પડી ગયા. એમણે બેબી જિરાફને પાસે બોલાવ્યું. અને પ્રેમથી પૂછ્યું, 'ઊંચા ઝાડ પરના પાંદડા સુધી કેવી રીતે પહોંચવું, એ ટીચરે શીખવ્યું હતું ?' બેબી જિરાફે થોડી વાર વિચારીને કહ્યું, 'હા... પણ મને કંઈ સમજાયું ન હતું.' 'તો તેં ફરી વાર પૂછ્યું હતું ?', પપ્પા જિરાફે પૂછ્યું.
'ના રે ના. એ ચશ્મીસ બ્લેક બફેલોને ફરી પૂછીએ તો એ ગુસ્સે જ થઈ જાય.', બેબી જિરાફે જરા હસીને કહ્યું. પપ્પા જિરાફે જરા આંખો પહોળી કરીને પૂછ્યું, 'ટીચરને આ રીતે બોલાવાય ?'
'એ તો ડેડી મારા ફ્રેન્ડ્સ એવું કહે છે. મેં તો આજે જ તમારી સામે કહ્યું.', બેબી જિરાફે હસવાનું રોકતા કહ્યું.

'તારા ફ્રેન્ડ્સ ટીચરને કેમ આ રીતે બોલાવે છે ?', પપ્પા જિરાફે પૂછ્યું. 'ટીચર અમને પૂછે અને જો ના આવડે તો ગુસ્સો કરે. હોમવર્ક પણ ડબલ આપે. જો હોમવર્ક ના કરીએ તો આખો દિવસ એક પગે ઊભા રહેવાની પનીશમેન્ટ આપે. અમે કંઈ કહીએ તો એ સાંભળે જ નહીં અને પેલા જેની પીગ, મેરી શીપ ને કીકી ગોટ કંઈ પણ કહે તો તેમની વાત તરત જ માની લે. પછી તો અમે એમને આવા જ નામથી બોલાવીએ ને !', બેબી જિરાફે પોતાનો બચાવ કરતા કહ્યું.



પપ્પા જિરાફને બધી વાત સમજાઈ ગઈ. તેઓ બેબી જિરાફને નદી કિનારે લઈ ગયા. અને કહ્યું, 'ચાલ આજે આપણે એક ગેમ રમીએ.'


બેબી જિરાફને નવાઈ લાગી. અત્યારે ગેમ ? એને તો એમ હતું, કે ટીચરના નામ પાડવા બદલ પપ્પા જિરાફ ગુસ્સો કરશે. પણ તેઓએ તો આ વિશે કંઈ ન કહ્યું.




પપ્પા જિરાફે એક મોટું ખાખરાનું પાન લીધું. તેમાં પાણી ભર્યું અને બેબી જિરાફને કહ્યું, 'આ પાનમાંથી જે પહેલા પાણી પી જાય તે જીતી જાય.' બેબી જિરાફે કહ્યું, 'આ તો મારા માટે બહુ સહેલું છે. આ ગેમમાં તો હું જ જીતીશ.'



ગેમ શરૂ થઈ. બેબી જિરાફ પાનમાંથી જેવું પાણી પીવા જાય, કે ડેડી જિરાફ પાન પોતાના તરફ નમાવી દે અને બેબી જિરાફ બાજુથી પાન ઊંચું થઈ જાય. ચાર-પાંચ વાર આમ બન્યું. બેબી જિરાફ તો જરા ગુસ્સે થઈ ગયું અને બોલ્યું, 'આ રીતે તો તમે જ જીતી જાઓ ને. મારી બાજુ પાન ઉપર રહે તો હું પાણી કઈ રીતે પી શકું ?'






'એકદમ સાચી વાત છે. હું પણ તને એ જ સમજાવવા ઈચ્છુ છું. જેમ પાણી ઉપરથી નીચે વહે, તેમ જ્ઞાનનો પ્રવાહ પણ ઉપરથી નીચે વહે. ટીચરનો વિનય રાખીએ, એટલે કે આપણે ટીચરને આપણી ઉપર ગણીએ તો એમની પાસેથી જ્ઞાન આપણી પાસે આવે. ટીચરને નીચા ગણીએ, એમની મશ્કરી કરીએ, તો જ્ઞાન એમની પાસેથી આપણી પાસે કેવી રીતે આવે ? નીચેથી ઉપર જેમ પાણી નથી આવતું, તેમ જ્ઞાન પણ ના વહે.'



બેબી જિરાફ કંઈ આગળ બોલે એ પહેલા જ પપ્પા જિરાફે તેને ધક્કો માર્યો. તે ગબડી ગયું. તેને સમજાયું નહીં, કે ડેડીએ એણે ટીચરનું નામ પાડ્યું એટલે ગુસ્સે થઈને, હવે છેક ધક્કો કેમ માર્યો ? એ પાછું ફરીને ડેડીને આ વિશે કંઈ પૂછે એ પહેલા જ એક મોટો પથ્થર ધબ દઈને નીચે પડ્યો. રડમસ અવાજે બેબી જિરાફ કહે, 'ડેડી, સૉરી. મને થોડી વાર માટે તમારા વિશે નેગેટિવ વિચાર આવી ગયો.' 'તો પછી એ બદલાઈ કેમ ગયો ?', પપ્પા જિરાફે પૂછ્યું.





'ધક્કો તો તમે મને બચાવવા માટે માર્યો હતો એટલે.', બેબી જિરાફ પ્રેમથી બોલ્યું. 'તો પછી ટીચરનો ગુસ્સો પણ મારા ધક્કા જેવો જ છે. અત્યારે તને ખબર નથી, એટલે તું એમના માટે નેગેટિવ બોલે છે. ટીચર પણ તારા ભલા માટે જ તારા પર ગુસ્સો કરે છે.', પપ્પા જિરાફે સમજાવ્યું.

બેબી જિરાફ મનમાં બોલ્યું, 'કદાચ આ વાત બીજા ટીચર માટે સાચી હોઈ શકે. પણ અમારા ચશ્મીસ બ્લેક બફેલો માટે નહીં. બીજા દિવસે નક્કી કર્યા મુજબ બેબી જિરાફ, તેના બીજા ફ્રેન્ડ્સ અને ટીચર સાથે જંગલમાં આવેલ ધોધ પાસે ગયું.





પાણી જોઈને બેબી જિરાફ કૂદકો મારવા જતું હતું. ત્યાં ટીચરે જોરથી બૂમ પાડી. બૂમ સાંભળીને બેબી જિરાફ ત્યાં જ સ્થિર થઈ ગયું અને ધીમેથી બોલ્યું, 'અહીં પણ ગુસ્સો ?' ત્યાં જંગલના જાણકાર શિબુ શિયાળે આવીને સૌને સૂચના આપી, 'કોઈ આ ધોધમાં નહાવા પડશો નહીં. ચીકણી જમીન હોવાના કારણે પાણીમાં તણાઈ જવાય છે. આ ધોધ ફક્ત જોવા માટે જ છે.'





આ સાંભળીને બેબી જિરાફને પપ્પાની વાત યાદ આવી ગઈ, કે ટીચર તો મારા ભલા માટે ગુસ્સો કરે છે. એણે મનમાં નક્કી કર્યું, 'હવેથી હું ટીચરનો વિનય રાખીશ. એમના નેગેટિવના બદલે પૉઝિટિવ જ જોઈશ.'

# ચાલો રમીએ...

કઈ વસ્તુ બેગમાં મૂકવી એ શોધો.




# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા: મારા ફ્રેન્ડ્સ ટીચરની મજાક ઉડાવે, તો મને પણ હસવું આવી જાય. તો એ વખતે શું કરવું ?

પૂજ્યશ્રી : આપણે ના કરવી ટીચરની મશ્કરી. આપણે ટીચર પાસેથી જ્ઞાન ગ્રહણ કરવું છે. ટીચર કેટલી મહેનત કરીને, પોતે બધી તૈયારી કરીને આપણને શિખવાડે છે, ભણાવે છે. તો પછી આપણાથી કેમ એમની મશ્કરી કરાય ?

નિયમ કેવો છે ? કે જ્ઞાનનો પ્રવાહ ઉપરથી નીચે આવે. દા.ત. એક ટ્રેમાં પાણી હોય. (ટ્રે આમ આડી આપણી તરફ કરીએ તો) પાણી ઉપરથી નીચે આવે અને આપણે ટ્રે (આપણી તરફ) ઊંચી રાખીએ તો ? પાણી આપણી તરફ ના આવે. એવો જ્ઞાનનો પ્રવાહ પણ ટીચરના વિનયમાં રહેવાથી આપણામાં આવે. ટીચરના આશીર્વાદ ઊતરે અને આપણને જ્ઞાન એમ ને એમ આવડવા લાગે. એ થોડું સમજાવે તો



આપણને ઘણું બધું આવડી જાય. આપણે મશ્કરી કરીએ તો આપણે જ્ઞાનનો પ્રવાહ આંતર્યો (રોક્યો) કહેવાય. એ જે જ્ઞાન આપવા માંગતા હોય એ જ્ઞાનનો અંતરાય (જ્ઞાન મેળવવામાં તકલીફ) પડશે.

**પ્રશ્નકર્તા :** ટીચરનો વિનય ચૂક્યા કોને કહેવાય ?

**પૂજ્યશ્રી :** એમની ભૂલો કાઢીએ, એમના દોષ જોઈએ, એમની ઠઠ્ઠામશ્કરી કરીએ, એમના માટે કંઈ અમુક ટાઈટલ આપી દઈએ, એ બધું વિનય ચૂક્યા કહેવાય અને એ ટીચરે હોમવર્ક વધારે આપ્યું હોય તો એમના માટે અવળું ના બોલાય. આપણે થાય એટલું કરો, ના થાય તો પછી વધારે બીજે દહાડે કરીશું. પણ અવળો ભાવ ના કરવો જોઈએ. અવળો ભાવ કરો એ બધું વિનય ચૂક્યા કહેવાય અને વિનય ચૂકો એટલે કોઈનું નુકસાન નથી કરતા, આપણું સુખ જતું રહેશે. આપણી સમજણ બંધ થતી જશે.





# છેલ્લો દિવસ

આજે સરલા ટીચરનો સ્કૂલમાં છેલ્લો દિવસ હતો. કાલથી તેઓ સ્કૂલે નહીં આવે. તેઓ એમના પરિવાર સાથે, કાયમ માટે બીજા શહેરમાં રહેવા જવાના હતા. સ્કૂલના બધા જ બાળકો અને શિક્ષકોની આંખો ભીની હતી. સિવાય કે પર્શીવ, થનક અને વિહાન. આ ત્રણેવ તો એમના જવાથી ખુશ હતા.

પર્શીવ બોલ્યો, 'આવતી કાલે પાર્ટી કરીશું.'

તેની વાતમાં સહમત થતા થનક બોલી, 'હા ! જ્યારથી ટીચરે આપણને પનીશ કર્યા હતા, ત્યારથી જ હું એમના જવાની રાહ જોતી હતી.'

'અરે, એ દિવસ તો યાદ જ ના કરીશ. હું તો યાદ કરું છું અને મને ટીચર પર ગુસ્સો આવે છે. આજ સુધી કોઈ ટીચરે આપણને આટલી નાની વાતમાં આટલી મોટી પનીશમેન્ટ નથી આપી. ઠીક છે, એક-બે દિવસ ક્લાસમાં



આવતા મોડું થઈ ગયું. પણ એના માટે કોઈ આવી પનીશમેન્ટ થોડી આપે ! આખો ક્લાસ આપણા પર એ દિવસે હસ્યો હતો.', પર્શીવે ઉગ્ર અવાજે કહ્યું.

વિહાન બોલ્યો, 'હવે છોડો એ વાત. ખુશીના દિવસે આપણે આવી વાત કેમ યાદ કરીએ ? આપણે કાલથી એકદમ ફ્રી !'


કાલે કેટલી મજા આવશે ! એમ વિચાર કરતા કરતા ત્રણેય મિત્રો પ્રિન્સિપલ સરની ઑફિસ પાસેથી પસાર થયા. પ્રિન્સિપલ સાહેબની ઑફિસમાંથી એક જાણીતો અવાજ આવ્યો. પર્શીવના પગ ત્યાં જ રોકાઈ ગયા. ઑફિસની અંદર ડોકિયું કર્યું અને પર્શીવના દિલના ધબકારા વધી ગયા. 'ડેડ અહીં ?' થનક અને વિહાનને પણ પર્શીવના ડેડને જોઈને ગભરામણ થઈ. ત્રણેવને થયું, કે સરલા ટીચરે જ પર્શીવના ડેડને ફરિયાદ કરવા બોલાવ્યા હશે. પર્શીવે ધીમા અવાજે થનક અને વિહાનને કહ્યું, 'આજે છેલ્લો દિવસ છે. અત્યાર સુધીમાં મેં જેટલા તોફાનો કર્યા છે, તે બધા જ ટીચર ડેડને કહી દેશે અને મારા ડેડ તમારા પેરેન્ટ્સને કહેશે. હું સ્કૂલમાં મોબાઈલ લાવ્યો હતો એ પણ કહી દેશે.'



ત્રણેવને ટીચર પર વધુ ગુસ્સો આવ્યો. થનક બોલી, 'હવે જે થશે તે. આપણે પ્રેયર હૉલમાં જઈએ. બધા એવી વાતો કરે છે, કે ત્યાં બધા માટે સરપ્રાઈઝ છે.'

'સરપ્રાઈઝ તો બીજા માટે હશે. આપણા માટે નહીં !', પર્શીવે મોઢું બગાડતાં કહ્યું. પર્શીવને સરની ઑફિસમાં શું વાત થાય છે એ સાંભળવું હતું. પરંતુ થનક અને વિહાન એને ખેંચીને હૉલ તરફ લઈ ગયા.

હૉલમાં આઠમા ધોરણના બધા બાળકોના ફોટોઝ લગાવેલા હતા. ફોટોઝની નીચે તે બાળક સાથેની યાદગાર પળ વિશે ટીચરે લખ્યું હતું. હૉલમાં જોયું, કે એક જગ્યાએ વધારે બાળકો એકઠા થયેલા હતા. દૂરથી ત્યાં પોતાના ફોટોઝ જોઈને પર્શીવ બોલ્યો, 'જતાં જતાં પણ ટીચરે આપણા વિશે એવું લખ્યું હશે, કે જે




આપણને ઓળખતા નથી તેઓ પણ આપણા વિશે ખરાબ વિચારશે !'

'કાશ ! સરલા ટીચરે અમારા માટે પણ આવું લખ્યું હોત તો ! પણ તમે ત્રણેય લકી છો.', એક છોકરી ત્યાંથી પસાર થતા બોલી.

ત્રણેય બાળકો આગળ જવાના બદલે ત્યાં જ ઊભા રહી ગયા. એટલામાં બે-ચાર બાળકો એમની પાસે આવ્યા અને ત્રણેવને અભિનંદન આપ્યા.

ત્રણેય મિત્રોને કંઈ ન સમજાયું. તેઓ એકબીજા સામે જોઈ રહ્યા. પર્શીવ કહે, 'ચાલો, જઈને જોઈએ તો ખરા કે બધાના પ્રિય ટીચરે શું લખ્યું છે ?'

ત્રણેય બાળકો એમના ફોટોઝ તરફ ગયા.





ત્રણેયના ફોટોઝ પાસે લખ્યું હતું કે, 'મને ટીચરનો નવો અર્થ સમજાવવા બદલ હું તમારી આભારી રહીશ.'

ત્રણેય એકબીજા સામે જોવા લાગ્યા. પર્શીવે આગળ વાંચ્યું, 'ટીચર ન બનવાની ઈચ્છા સાથે હું આ સ્કૂલમાં જોડાઈ હતી. પણ દરેક ટૉપિક પર તમારા પ્રશ્નોના જવાબ શોધતા શોધતા હું ક્યારે સારું ભણાવવા લાગી એની મને ખબર પણ ના પડી. ભણવા માટે તમારો ઉત્સાહ જોઈને જ મને ભણાવવાનો આનંદ આવતો હતો. તમે મારા નીડર અને વહાલા વિદ્યાર્થી છો. આગળ અભ્યાસ માટે મારી જ્યાં પણ જરૂર પડે ત્યારે મને યાદ કરજો.'

આટલું વાંચતા તો થનકની આંખોમાં આંસુ આવી ગયા. પર્શીવ અને વિહાનની આંખો પણ ભીની થઈ ગઈ.

કોઈ પણ ટીચર આ ત્રણેયને પોતાના ક્લાસમાં ભણાવવા તૈયાર ન હતા. ત્યારે સરલા ટીચરે સામેથી ભણાવવાની તૈયારી


બતાવી હતી. વાત વાતમાં પ્રશ્ન પુછવાની એમની ટેવના કારણે એમનાથી દૂર ભાગતા બીજા ટીચરની સરખામણીમાં સરલા ટીચરે ક્યારેય એમને ઠપકો નહોતો આપ્યો અને તેઓના દરેક પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

થનક બોલી, ‘મને તો સાયન્સનો વિષય ગમતો પણ નહતો. પણ, સરલા ટીચરને કારણે મને ગમવા લાગ્યો. સાયન્સની અઘરી અઘરી વાતો એમણે રમત-ગમત કરતા કરતા સમજાવી દીધી !’

વિહાન બોલ્યો, ‘અને એટલે જ તો સાયન્સની એક્ઝામમાં તને આટલા સરસ માર્કસ મળ્યા. ટીચરે મને પણ બહુ હેલ્પ કરી છે. સરલા ટીચરના કારણે જ તમે મારા સારા ફ્રેન્ડ્સ બન્યા છો. યાદ છે ? જ્યારે આખો ક્લાસ મારી મજાક ઉડાવતો હતો, ત્યારે ટીચરે પેલો પ્રોજેક્ટ આપ્યો હતો. જેમાં બધાએ એકબીજા માટે કંઈ પૉઝિટિવ વાત લખવાની હતી ? મારા વિશે પૉઝિટિવ વાતો વાંચીને મારો આત્મવિશ્વાસ વધ્યો અને ક્લાસમાં પણ બધાએ મારી મજાક ઉડાવવાનું બંધ કર્યું. પછી જ આપણે ફ્રેન્ડ્સ બન્યા.’



ટીચરનું પૉઝિટિવ યાદ કર્યું, કે તરત જ ત્રણેવના દિલમાં ટીચર પ્રત્યે આદરભાવ જાગ્યો. પોતાની ભૂલ પર પસ્તાવો પણ થયો.



આપણે ટીચર માટે કેવું ખરાબ વિચાર્યું ! ખરેખર તો ભૂલ આપણી જ હતી ને ? આપણે એક-બે વાર નહીં, કેટલી બધી વાર ક્લાસમાં મોડા પહોંચ્યા હતા. પર્શીવે ભૂલ કબૂલ કરતા કહ્યું, ‘ટીચરે આપણને એક જ વાર પનીશ કર્યા અને પછી આપણે ક્યારેય મોડા નથી પડ્યા. ટીચરે મને બે-ત્રણ વાર મોબાઈલ સાથે પકડ્યો હતો. પણ મને વઢવાને બદલે એમણે મને મોબાઈલનો સાચો ઉપયોગ કરતા શિખવાડ્યું હતું.’

ત્યાં તો પ્રેયર હૉલની બહાર પર્શીવની નજર સરલા ટીચર પર પડી. સાથે એના ડેડી અને પ્રિન્સિપલ સર પણ હતા. પણ એને તો બીજું કોઈ ના દેખાયું અને એ ટીચર પાસે દોડીને ગયો. પાછળ પાછળ વિહાન અને થનક પણ ગયા.

બાળકોના રડમસ ચહેરાઓ જોઈને ટીચરે એકદમ વહાલથી પૂછ્યું, ‘શું થયું બાળકો ? બધું બરાબર છે ને ?’

‘થેન્ક યૂ ટીચર !’ પર્શીવ બસ આટલું જ બોલી શક્યો. વિહાન અને થનકે પણ ધીમા અવાજે ટીચરને થેન્ક યૂ કહ્યું.

ટીચરના મોઢા પર સ્માઈલ આવી ગઈ.



'મારો આભાર માનવો હોય તો પર્શીવના ડેડી આપણી સ્કૂલ માટે જે નવી સાયન્સની લેબોરેટરી બનાવે છે એમાં મસ્ત મજાના સાયન્સના પ્રયોગ કરજો.', ટીચરે હસતા હસતા કહ્યું.


ત્રણેવને પર્શીવના ડેડીનું સ્કૂલે આવવાનું ખરું કારણ સમજાયું અને ટીચર માટે ખોટું વિચાર્યા બદલ ફરી પસ્તાવો થયો.

'અને હા, સાયન્સના પ્રયોગો તો દર વર્ષે બદલાતા રહેશે. પણ લાઈફમાં પેલો પ્રયોગ તો હંમેશાં ચાલુ જ રાખજો. યાદ છે ને કયો ?' ટીચરે પૂછ્યું. ત્રણેવ ચૂપ રહ્યા.

'હંમેશાં બધાનું પૉઝિટિવ જોજો. અને બસ, આમ જ હસતા-રમતા રહેજો.', ટીચરે પ્રેમથી કહ્યું.

'હા ટીચર, અમે એ પ્રયોગ ક્યારેય નહીં ભૂલીએ.', વિહાન અને પર્શીવ બોલ્યા. થનકે ઉમેર્યું, 'અને તમને પણ !'

# My Creation







આપેલા ચિત્રની પ્રિન્ટ કરાવી એમાંથી પેન સ્ટેન્ડ બનાવી તમારા ટીચરને ટીચર ડે ના દિવસે ગિફ્ટ આપો.




ડીડીમા જંગલના તળાવને કિનારે જીફફી એકલો બેસીને રડતો હતો. ત્યાં તો રીઝો, ઝોઈ અને થીઓ એની પાસે આવ્યા.

‘અરે જીફફી, એમાં રડવાનું શું ? કોઈને મૂવિ જોવા મળે તો એ રડવા થોડી બેસે ! પ્લીઝ, રડવાનું બંધ કર.’, ઝોઈએ જીફફીને સમજાવવાની કોશિશ કરી.

‘પણ, મારે એકલા એકલા મૂવિ જોવાનું છે. તમે કોઈ મારી સાથે નથી.’, જીફફી બોલ્યો.

‘પણ, મૂવિ જોયા પછી તું કૅફે આવીને અમને મૂવિની સ્ટોરી કહી દેજે ને. સાંભળ્યું છે, કે મૂવિમાં કોઈ ટીચરની લાઈફ સ્ટોરી છે. તું બધા પોઈન્ટ્સ લખી લેજે અને પછી અમને કહેજે !’, થીઓએ કહ્યું.

જીફફી રાજી થઈ ગયો. એણે આંસુ લૂછ્યા અને કહ્યું, ‘ઓકે ! એવું કરીએ’, એમ કહીને એ ખુલ્લા આકાશ નીચે, લીલાછમ ઘાસ પર, ખુલ્લી હવામાં મૂવિ જોવા માટે ગોઠવાઈ ગયો. વાત એમ હતી, કે ‘ટીચર્સ ડે’ના દિવસે, ડીડીમા જંગલમાં

તળાવના કિનારે એક મૂવિનું આયોજન થયું હતું. પણ જીફફી સિવાય બધા જ કામમાં અટવાયા હતા એટલે જઈ શકે તેમ નહોતા. રાત્રે બધાએ થીઓના કૅફે પર મળવાનું નક્કી કર્યું.


જીફફીને મૂવિ એટલું ગમ્યું, કે એનાથી વાર્તા કહેવાની રાહ પણ નહોતી જોવાતી. જેવા બધા કૅફે પર ભેગા થયા કે જીફફીએ વાર્તા શરૂ કરી :

'આ વાર્તા...', બોલતા બોલતા જીફફી રોકાઈ ગયો. એણે એની બુક ખોલી અને નામ વાંચ્યું, "જૈમી એસ્કલાન્ટની છે. તેઓ બોલિવિયા દેશના હતા. એ જ્યારે અમેરિકા આવ્યા, ત્યારે એમને અંગ્રેજી નહોતું આવડતું. ધીરે ધીરે તેઓ અંગ્રેજી શીખ્યા. એમને ગણિત ભણાવવામાં બહુ રસ હતો. એમણે એક સ્કૂલમાં શિક્ષકની નોકરી લીધી. એ સ્કૂલના બાળકો સાવ ઢબ્બુના 'ઢ' હતા. બાળકોને ભણવાનું બિલકુલ ના ગમે. એ સ્કૂલના કેટલા બધા બાળકોએ તો



ભણવાનું સાવ છોડી દીધું હતું. હવે આવા બાળકોને ગણિત જેવો વિષય ભણાવવો, એટલે કેટલી અઘરી વાત ! પણ જૈમી સરને બાળકોમાં રહેલા ટૅલેન્ટ પર પૂરો વિશ્વાસ હતો. એમને એવું લાગતું, કે બાળકો ભણી શકે એમ છે. ફક્ત એમને સાચા માર્ગદર્શનની જરૂર છે.

બાળકોને સરસ રીતે ગણિતનો વિષય સમજાય તે માટે એમણે જુદી જુદી ઘણી રીતો અપનાવી. હસી-મજાકમાં, વાર્તાઓ કહીને અને જાતજાતના પ્રયોગો કરીને તેઓ ગણિત શીખવતા. બાળકોનું ભણવામાં ધ્યાન રહે તે માટે તેઓ બાળકો માટે નાસ્તો પણ લઈ આવતા. બાળકોને જૈમી સર સાથે ભણવાની એટલી મજા આવવા



લાગી, કે સ્કૂલ પહેલા, સ્કૂલ પછી અને સમર વેકેશનમાં પણ તેઓ એમની પાસે ભણવા જતા. બાળકોનો આત્મવિશ્વાસ વધારવા તેઓ વારંવાર કહેતા, કે 'બસ, નિશ્ચય પાકો હોવો જોઈએ. મહેનત અને પાકા નિશ્ચયથી સફળતા મળે જ.'

બાળકોએ એવી સરસ મહેનત કરી, કે જૈમી સરના ક્લાસના અઢાર વિદ્યાર્થીઓએ નેશનલ કક્ષાએ થનારી ગણિતની ખૂબ અઘરી પરીક્ષા પાસ કરી. આવું સરસ રિઝલ્ટ આવવું અશક્ય છે, એમ વિચારીને અમુક અધિકારીઓએ ચીટીંગનો આરોપ મૂક્યો. પણ નિરાશ થવાને બદલે જૈમી સરે બાળકોને ફરી પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા. વિદ્યાર્થીઓએ ફરી પરીક્ષા આપી અને ફરીથી પાસ થયા.

અને આમ, જૈમી સરે એમના વિદ્યાર્થીઓની શક્તિ પર એટલો વિશ્વાસ મૂક્યો, કે બાળકોનું જીવન બદલાઈ ગયું.'', બોલતા બોલતા જીફફી રડી પડ્યો.

ઝોઈએ જીફફીને ટિસ્યૂ આપ્યું અને પોતાની આંખો પણ લૂછી. થીઓએ રીઝોને બ્રાઉની આપી અને મનમાં જ પોતાના ટીચર્સને યાદ કરીને 'હેપ્પી ટીચર્સ ડે' કહ્યું અને બીજી એક બ્રાઉની પોતાના મોઢામાં મૂકી દીધી.

# આ તો નવી જ વાત!



પૉઝિટિવ જુઓ,
પૉઝિટિવને
અપ્રીશિએટ (પ્રશંસા)
કરો, તો વિનય ઉત્પન્ન
થશે જ.



ગુરૂ રાજી થાય એવું
કરવું, એને વિનયમાં
રહ્યા કહેવાય.






અવિનય થાય તો
પ્રતિક્રમણ કરીએ
અને નક્કી કરીએ, કે
'મારે વિનય ચૂકવો
નથી.'






આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...
**Click Here**
https://shorturl.at/zyqqd

**ચીલી આલુ પર ખૂબ ગુસ્સે થઈ ગયો છે. એને એવું જ લાગે છે કે એના બેસ્ટ ફ્રેન્ડએ એનો સાથ ના આપ્યો. એટલે એ હારી ગયો. ખરેખર શું બન્યું હતું એ આલુ એને કહેવા માંગે છે. હવે આગળ...**

મેં ચીલીને કહ્યું, 'સૉરી ચીલી, તું મારી વાત સાંભળ ને... હું તને કહું...' હું મારી વાત ચીલીને કહું અને એને સમજાવું એ પહેલા તો પાર્સલી વચ્ચે કૂદી પડ્યો, 'તમે શું કામ સૉરી કહો છો ? એનું ખરાબ ના દેખાય એટલે તમે બધાને એવું કીધું, કે એણે કોકોને જીતવા દીધી. સૉરી તો એણે તમને કહેવું જોઈએ !'

મને થયું, આ પાર્સલી ખોટા ટાઈમે ખોટી વાત બોલે છે.

હવે ચીલી એકદમ ખીજાઈને બોલ્યો, 'તો મેં નહોતું કીધું સૉરી કહેવા માટે. એણે કહેવું જ હતું તો એવું કહેવું હતું કે, મેં મારા બેસ્ટ ફ્રેન્ડને ચિયર કરવાને બદલે બહારના લોકોને પ્રોત્સાહન આપ્યું. મેં ચીલીનો આત્મવિશ્વાસ તૂટી જાય એવો પ્રયત્ન કર્યો. મેં છેલ્લી મૉમેન્ટ પર એની સાથેની ફ્રેન્ડશિપ તોડી નાખી !'

શું ? ચીલી શું બોલે છે ? મેં એની સાથેની ફ્રેન્ડશિપ તોડી નાખી ? મેં એનો આત્મવિશ્વાસ તોડી નાખ્યો ?



પણ ચીલી આટલાથી અટક્યો નહીં. એ આગળ બોલ્યો, 'તું નાનો હતો, ત્યારથી મેં ક્યારેય તારો સાથ નથી છોડ્યો. જ્યારે બધા તને કહેતા હતા, કે તું સ્કેટિંગ નહીં કરી શકે ત્યારે પણ મેં ક્યારેય એવું નથી કીધું તને કે તું નહીં કરી શકે ! તું એટલો જાડો હતો, કે તું જે સ્કેટ્સ પહેરતો એ સ્કેટ્સ જ તૂટી જતા હતા. ત્યારે મેં સુગરીને કહીને તારી માટે સ્પેશિઅલ સ્કેટ્સ બનાવડાવ્યા ! આજે બધા 'આલુ આલુ' કરે છે. પણ તે વખતે તો તારી સામે પણ કોઈ નહોતું જોતું. તેં કેમ મારી સાથે આવું કર્યું ?'



હાશ... ચીલી એ મને સામેથી પૂછ્યું, કે મેં કેમ આવું કર્યું. હવે હું એને કહીશ એટલે એ સમજી જશે.

હું કંઈ કહું એ પહેલા તો પાર્સલી બોલ્યો, ‘તું આવી રીતે કેમ આલુભાઈ સાથે વાત કરે છે ? એ તને બેસ્ટ ફ્રેન્ડ માને છે ને તું ?’

ચીલી રડતા રડતા બોલ્યો, ‘હવે નથી આલુ મારો બેસ્ટ ફ્રેન્ડ ! હું એને ક્યારનો કહું છું, કે મને બધું બળે છે. પણ મારી સાથે વાત કલવા માટે એની પાસે તાઈમ જ ક્યાં છે. હવે મને મલવા કે માલી સાટે ટીલી સેક તીવા ક્યાલેય ના આવટો.’

એમ કહી ચીલી ત્યાંથી જતો રહ્યો. મને થયું, કે ચીલીએ મારી ફ્રેન્ડશિપ તોડી દીધી ? મારી વાત પણ ના સાંભળી ?



હું આંખો લૂંછીને પાછળ ફર્યો. જોયું તો થીઓ, એના ફ્રેન્ડ્સ અને કોકો પાછળ ઊભા ઊભા અમારી વાતો સાંભળી રહ્યા હતા. જીફ્ફી ચીલી કરતાં પણ વધારે જોરથી રડી રહ્યો હતો. બાકી બધાની આંખમાં પણ પાણી આવી ગયા હતા. સિવાય એક... પાર્સલી... પાર્સલી ચીલીથી પણ વધારે લાલ થઈ ગયો હતો. એ ગુસ્સામાં હજુ વધારે નુકશાન કરી દેશે તો ? પણ આનાથી વધારે તો શું નુકશાન થશે. ફ્રેન્ડશિપ તો ચીલીએ તોડી દીધી.



**પાર્સલી ગુસ્સામાં શું કરશે ? શું ચીલી ક્યારેય આલુ સાથે વાત નહીં કરે ? આલુ ચીલીને શું કહેવા જતો હતો ? શું આલુના વિશ્વાસ સામે પાર્સલીનો ડર ખરેખર જીતી જ જશે?**

# Me & Mummy



મમ્મી અને બાળકોએ ભેગા થઈને એક એવી ઇવેન્ટ સેલીબ્રેટ કરી,
જેમાં બાળકોએ મમ્મીના ખોળામાં સુઈને સાંભળી અક્રમ એક્પ્રેસની વાર્તા !!!
સાથે જાણ્યા વાર્તાના ફાયદા એક્સપર્ટ પાસેથી.
બધા એ તો નક્કી કર્યું કે રોજે સાંભળશે સુતા સુતા અક્રમ એક્પ્રેસની વાર્તા.
જો જો તમે ના રહી જતાં,
આજે જ ડાઉનલોડ કરો અક્રમ એક્પ્રેસની ઓડીઓ સ્ટોરી !

DBF • અડાલજ